

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સત્તા-મદે હિરણ્યકશ્યપ નારાયણ બની બેઠા,*
*એમ જ મિશ્રાજી - સુપ્રીમ ભગવાન બની બેઠા,*
*ન્યાય પ્રહ્‌લાદ બની બેઠો સર્વોચ્ચ હોલિકાની ગોદે -*
*ફાટસે સ્થંભ, ચેલેમેશ્વર જ નૃસિંહ બની બેઠા !*

**હાઈકુ**

*ન્યાય પોતે જ*
*ચઢ્યો કોર્ટ કઠેરે*
*મુખત્યારીના...*

*સત્તા આગળ*
*વિક્રમાદિત્ય પણ -*
*પટાવે પૂંછ!*

### ચિંતન

*વદનં પ્રસાદસદનં સદ્યં હૃદયં સુધામુચો વાચઃ ।*
*કરણં પરોપકરણં યેષાં કેષાં ન તે વન્દ્યાઃ ॥*

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

જેનું મુખ પ્રસન્નતાનું ઘર છે. હૃદય દયાથી ભરેલું છે, વાણી અમૃત રસને વરસાવનારી છે, અને કાર્ય પરોપકારને કરનારાં છે, એવા સુજન પુરુષો કોને માટે વંદનીય નથી ?

કાયમ ચહેરા પર સ્મિત અને આનંદની રેખાઓ હોય, આચરણમાં દયા અને પરોપકાર, વાણીમાં મિઠાશ હોય અને દયાથી આંખનાં અને હૃદયમાં પ્રેમ છલકતો હોય એવા સજ્જન સર્વને પ્રિય બને છે.

### સુવિચાર

- પૈસો ન ખર્ચવો હોય તો એ માણસે જાત ખર્ચવી પડશે - **અખંડ આનંદ**
- અહિંસાની રક્ષા તમે સૂત્રોથી નહીં કરી શકો, અહિંસાની રક્ષા આચરણથી જ થશે - **આચાર્ય વિદ્યાસાગરજી**
- તમારી સાથે વાત કરતો જે બીજાને સાવચેત રહેવું પડે એવા જટિલ ન બનો - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે સૌથી વધુ બેવકૂફ એ સમયે હોવ છો, જે સમયે તમે બીજા કોઈને બેવકૂફ બનાવો છો - **રોશ**
- ઉત્કંઠા, લગન, ધગશ, ઉત્સાહ એ વ્યક્તિમાં સ્વયંભૂ હોવા જોઈએ - **હંસલ ભચેચ**
- માનવીની પહેલી ફરજ એ છે કે એ ઉદાર બનતા પહેલાં ન્યાયી બને - **જેની ફાઉલર**
- આજનું ઔષધ : કુંવાડિયાના બીજને ચાવી ચાવીને ખાવાથી દમ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જીવનમાં આગળ વધવા સૌથી પહેલા આપણે આપણા વિશેનો અભિપ્રાય બદલવો જરૂરી છે

નાનપણમાં એક છોકરીને રમતાં રમતાં કપાળ તથા ગાલ પર ઊંડા ઘા પડ્યા. મા-બાપ ઘણા શ્રીમંત હતા. તેમણે શહેરના ઉત્તમ ડૉકટર પાસે દીકરીની પ્લાસ્ટિક સર્જરી કરાવી. બે મહિના સુધી તેની સારવાર ચાલી. જયારે હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી ત્યારે જાણે કે સુખદ ચમત્કાર થયો. અને છોકરીનો નવો ચહેરો, ઘા અદશ્ય અને એક નાનો ડાઘ પણ ચહેરા પર ન રહ્યો.

ડૉકટર ને પણ છોકરીને જોઈને સંતોષ થયો. છોકરી રાજી થઈને ઘરે ગઈ. પણ થોડાક દિવસો પછી છોકરી ઉદાસ ચહેરો લઈને ડૉકટર પાસે પાછી આવી. ડૉકટરે પૂછ્યું, 'કેમ ઉદાસ છો ?'

છોકરીએ જવાબ આપતા કહ્યું, 'મને હજી એમ જ લાગ્યા કરે છે કે મારા ચહેરા પરના જૂના ઘા ને લોકો ભૂલી શક્યા નથી.' ડૉકટરે કહ્યું, 'લોકો તારા ન દેખાતા ડાઘ શું કામ યાદ રાખે છે એ મને સમજાતું નથી, અને તું પણ શું કામ તારા ઘા, ડાઘ યાદ રાખે છે ?, જો, શરીરના ડાઘ તો પ્લાસ્ટિક સર્જરીથી દૂર થયા છે, પણ મનના ઘા અને હૃદયના ડાઘ પર તારે ભૂલવા જ પડશે નહિતર વધુ હેરાનગતિ થશે.' ડૉકટરે તેને મન પર લાગેલા ઘા તથા હૃદય પર લાગેલા ડાઘ ભૂલવા માટે એક મહિનો કાઉન્સેલિંગ કર્યું અને ત્યારે તેણી ને આત્મ વિશ્વાસ આવ્યો અને તે સ્વસ્થ થઈ.

# હવે, શરમ પણ શરમાય છે

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વની કોઈ પણ પ્રજાની સરખામણીએ હલકા લાગીએ અને દુનિયાની તમામ ડિક્ષનરીઓના શબ્દો ઊણા ઉતરે એવી શરમજનક ઘટનાઓ આપણી કહેવાતી પુણ્યભૂમિમાં જ બની છે. કઠુઆ અને ઉન્નાવ દુનિયાના નકશામાં કાળી ટીલી બની અંકાઈ ગયેલાં નામો છે. શું આ એ જ ભગવાન રામચંદ્ર અને કૃષ્ણ-મહાવીર-બુદ્ધ કે ગાંધીનો દેશ છે ? ખુદ આપણને આપણી આ ભારતભૂમિની અધોગતિની પરાકાષ્ઠા નિહાળી આવી શંકા જાગે તો આશ્ચર્ય નહી. ગૌતમ ઋષિના પત્ની અહલ્યા સાથે છદ્મવેશે જારકર્મ કરનાર દેવોના રાજા ઈન્દ્રથી લઈ દિલ્હીની પેલી નિર્ભયા સુધી આપણી બહેન, મા કે દીકરીની સલામતી કેટલી તે પ્રશ્ન તો હરહંમેશ રહ્યા જ કર્યો છે. એમાં પણ જયારે કાશ્મીરના બકરવાલની નિર્દોષ બાલિકા પર ધર્મના નામે વેર વાળવા ગેંગરેપ થાય, હિંદુ મંદિરમાં જ આ જઘન્ય અપરાધને અંજામ અપાય અને પછી એની લાશ ફેંકી દઈ પાછા કાશ્મીર સરકારના અડધોઅડધ ભાગીદાર એવા ભાજપના આગેવાનો એમના સમર્થનમાં તિરંગા રેલી કાઢે, ખુદ મહેબૂબા સરકારના બે ભાજપી મંત્રીઓ આગળ જઈને એ કાળમુખા મંત્રીઓના બચાવમાં આર.એસ.એસ.ના પ્રવક્તા તરીકે કામ કરી ચૂકેલા અને હવે ભાજપમાં નરેન્દ્ર મોદી પછી સૌથી શક્તિશાળી નેતાઓની પંગતમાં ગણાતા રામમાધવ જાતે ઊતરે, એ મંત્રીઓ તો રેલી કાઢનારાઓને સમજાવવા ગયેલાં એવું જુઠાણું - રિપીટ હળાહળ જુઠ્ઠાણું ચલાવવાની નાગડદાઈ કરે ત્યારે દેશના કોઈ પણ નાગરિકના મોઢામાં મોળ વળ્યા વિના ન જ રહે. જમ્મુ - કાશ્મીરમાં સત્તાની ભાગીદારી કરવાની લાયમાં ભાજપ એના ઢંઢેરાને પણ હાંસિયે મૂકીને ચાલી શકે છે એ આ દેશની પ્રજાએ જોયું હતું પરંતુ નૈતિક મૂલ્યો અને માનવતાને પણ કોરાણે મૂકવામાં એવું રૂવાડું ય ફરકતું નથી, એ બાબત કઠુઆ કાંડમાં એણે અપનાવેલ રૂખ પરથી સમજી શકાય એમ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોટા ઉપાડે 'બેટી બચાવો, બેટી પઢાઓ' જેવા કાર્યક્રમો તો આપ્યા પરંતુ એ ફક્ત ચૂંટણી જીતવા માટેના કોરા નારા જ બની રહ્યા છે અને દેશમાં કયારેક નહોતી એવી વિકરાળ પરિસ્થિતિ સ્ત્રી અત્યાચાર સંદર્ભે ઊભી થવા પામી છે. દિલ્હી અને મુંબઈ સહિત સમગ્ર દેશમાં બલકે છેક યુનો સુધી આ ઘટનાના પડઘા પડ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આવી ઘટનાઓની નિંદા તો કરી છે, પરંતુ એ તો માત્ર ઔપચારિક નિવેદન છે. બેઉ ઘટનાઓમાં ભાજપનાં ચૂંટાયેલા ધારાસભ્યો જ સીધી રીતે સંડોવાયેલા હોય ત્યારે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અને વડાપ્રધાને જાહેરમાં આ મુદ્દે દેશની માફી માગવી જોઈએ એવી માગણી પણ ઊઠી છે - પ્રબુદ્ધ બ્યુરોક્રેટ્સથી લઈ આમ આદમી સુધી દરેકને એટલું તો સમજાઈ ગયું છે કે વિકાસના નામની ગુલબાંગો પોકારતી કેન્દ્ર સરકાર અત્યાર સુધીની કોઈ પણ સરકારની સરખામણીમાં નબળી અને વામણી જ સાબિત થઈ રહી છે.

# જયાં પ્રેમ છે ત્યાં ફરિયાદ ને કોઈ અવકાશ નથી



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

'આ વ્યકિત સાથે કેમનું ફાવે ?'

'.....'

'તું આવી શૂન્યમનસ્ક વ્યકિતને કેવી રીતે સહન કરે છે ?'

'.....'

'લગ્નતિથિ ભૂલી જાય એ તે કેવી રીતે ચલાવી લેવાય ?'

'.....'

'કોઈ વસ્તુ ઠેકાણે નઈ, ગમે ત્યાં ગમે તે મૂકી દે છે'

'.....'

પતિ-પત્ની બન્ને વચ્ચે અગાધ પ્રેમ. પતિ પોતાની પત્નીને હૃદયના ઊંડાણથી ચાહતો. પતિ એક જાણીતો કલાકાર પણ ખૂબજ ભૂલકણો. પોતાના વિશ્વમાં જ રાચતો રહેતો. મોટાભાગે તે પોતાની આસપાસના વિશ્વને પણ ભૂલી જતો હતો. પત્ની તેના ભૂલકણાપણાને ખૂબજ ધીરજપૂર્વક સહન કરતી હતી. કયારેય કોઈ ફરિયાદ નહિ. પ્રેમ આગળ ફરિયાદ ગૌણ બની જાય.

તેમના લગ્નની પાંચમી વર્ષગાંઠ આવી. પત્નીએ સરસ મજાની કેક બનાવી. પત્નીની બહેને પણ આ પ્રસંગે ખાસ હાજરી આપી હતી. પરંતુ બન્યુ એવું કે પતિ પોતાની લગ્નતિથિ ભૂલી ગયો. એટલું જ નહીં, તે ઘરે આવ્યો અને તેણે કેક જોઈ છતાં પણ તેને પોતાની લગ્નતિથિ યાદ ન આવી.

પત્નીએ ખૂબજ ધીરજપૂર્વક પતિને લગ્નતિથિ યાદ કરાવી અને ઝડપથી તૈયાર થઈ જવા માટે કહયું. જેથી તેઓ કેક કાપીને ઉજવણી કરી શકે. પતિ જેવો બહાર ગયો કે પત્નીની બહેનો, તોણીનો અકળાઈને કહયું, "તું આવી વ્યકિતને કેવી રીતે સહન કરે છે ? ખૂબ જ ચીડ ચડે એવો માણસ છે. તે બધાંજ અગત્યના દિવસો ભૂલી જાય છે. બૂટ પણ ઓરડાની વચ્ચે જ કાઢીને મૂકી દે છે અને તેની બાકીની વસ્તુઓ પણ ગમે ત્યાં મૂકી દે છે, પછી તેને કંઈ યાદ પણ રહેતું નથી... અને બીજુ ઘણું બધુ... ઓહ... ગોડ... તું શા માટે તેને કાંઈ કહેતી નથી ?"

પોતાની બહેનની બધી જ વાત શાંતિપૂર્વક સાંભળ્યા બાદ પત્નીએ એક જ વાકયમાં જવાબ આપ્યો કે, "હું તેને પ્રેમ કરું છું."

જયાં પ્રેમ છે ત્યાં ફરિયાદ ને કોઈ અવકાશ નથી. જયાં પ્રેમ છે ત્યાં કોઈ પ્રશ્નો નથી. પતિનો પણ પત્ની પ્રત્યે અઢળક પ્રેમ હતો. ભૂલકણો સ્વભાવ હોઈ શકે! કોઈ તિથિ ભૂલી જવાનો અર્થ એ નથી કે પ્રેમ ઓછો છે. જયાં બે વ્યકિત વચ્ચે પ્રેમ છે ત્યાં બધી જ સમસ્યાઓ અને ફરિયાદો ખરી પડે છે. સમસ્યાઓનો કોઈ અંત નથી ને પ્રેમ અનંત છે.

જીવનસાથીમાં ખામીઓ શોધવી અને ફરિયાદો કરવી સહેલું છે. જીવનસાથીની મર્યાદાઓ સ્વીકારી તેને પ્રેમ કરવો ખૂબ અગત્યનું છે.

જીવન બે વ્યકિતનાં સ્નેહ થકી પાંગરતું હોય છે. કુટુંબ માટે પતિપત્નીનો પ્રેમ એટલા માટે પણ મહત્ત્વનો છે કે પતિ-પત્નીના પ્રેમાળ સંબંધોની અસર બાળકો અને ઘરના તમામ સભ્યો પર થતી હોય છે. ઘરમાં શાંતિ જળવાઈ રહે તે માટે પતિ-પત્નીના પ્રેમાળ સંબંધો જવાબદાર હોય છે.

વર્ષગાંઠ કે લગ્નતિથિ યાદ રાખીને તે દિવસે કોઈ ગીફટ આપવી કે હોટલમાં જમવા જવું, આટલું કરવાથી પ્રેમ વધે ? વર્ષ દરમિયાન એક દિવસ પ્રેમની ઉજવણી પર્યાપ્ત છે શું ? પ્રેમ તો ક્ષણે-ક્ષણે મહેસૂસ થાય, પરસ્પર ગમા-અણગમાનો ખ્યાલ રખાય ત્યારે પ્રેમસંબંધો મજબૂત થતા હોય છે. માત્ર ઉજવણીથી પ્રેમ ગાઢ બને તેવી માન્યતામાંથી બહાર આવવાની જરૂર છે. પ્રેમ કયારેય કોઈ મર્યાદામાં બંધાતો નથી હોતો અને ઉજવણીનો ઠઠારો પ્રેમને માન્ય નથી હોતો. જીવન સાથીની ખુશી અને એકબીજાની લેવાતી કાળજી પ્રેમ સંબંધોને વધુ સમૃધ્ધ બનાવે છે. સંબંધોમાં વ્હેમને બદલે પ્રેમ ભળે તે નકકી આપણે કરવાનું છે.

**મિસરી**

*'કો'કના દિલમાં વસવા ખાનગી માગતા નથી અમે પરવાનગી'*

**- બાલમુકુન્દ દવે**

- santoshdevkar03@gmail.com

# 'મા'ના સ્તરે જઈને જે ભણાવે તે માસ્તર...



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

ઘણા વખત પહેલા બસમાં બેઠો હતો, ત્યારે બે વ્યક્તિ વચ્ચે સાંભળેલો સંવાદ હૃદયમાં શૂળની જેમ ભોકાય રહ્યો છે...

'આ માસ્તર તો મારા રોયા આ જ લાગના છે ! અરે મેં તો મારા લાલિયાને કહી જ દીધું છે કે જો તારો સાહેબ તને ટપલી પણ મારે ને તો સીધો આચાર્યની ઑફિસમાં જઈને હોબાળો મચાવજે... પછીનું હું જોઈ લઈશ...'

શિક્ષકની જે કનિષ્ઠ દશા થઈ રહી છે. તેના આઘાતમાંથી હજી બહાર અવાતું નથી... તેમાં શ્રી વજુ કોટકના 'ચંદરવો' પુસ્તકમાં એક કટાક્ષિકા જેવો પત્ર વાંચવામાં આવ્યો...

આચાર્યશ્રી,

મારા બાળકને કાલે જે તમે શિક્ષા કરી હતી તેનાં સંદર્ભમાં જણાવવાનું કે, અમે અમારા બાળકને સારી રીતે જાણીએ છીએ, તે ઘરમાં જેટલા તોફાન કરે છે, એટલો તો સ્કૂલમાં નહીં જ કરતો હોય, અમે ઘરમાં પણ તેના પર હાથ ઉપાડવાની વાત તો દૂર રહી પણ ઊંચા અવાજે બરાડા પાડે છતાં પણ કાંઈ કહેતા નથી. હા, વળી કૉ'કવાર અમારી પાછળ દંડો લઈને પડે તો જ અમે તેને રોકવાનો પ્રયત્ન કરીએ છીએ... મારા કહેવાનો અર્થ તમે સમજી જ ગયા હશો... કે જયાં સુધી આત્મરક્ષા કરવાનો સમય આવે ત્યાં સુધી તમે અમારા પાલ્ય ઉપર કોઈ પગલાં ભરતાં નહીં...

આજથી લગભગ ત્રીસેક વર્ષો પહેલાં લખાયેલી આ કટાક્ષિકા આજે વાસ્તવિકતા જ છે ને !

'ધ પ્રોપેટ' માં ખલીલ જિબ્રાનના શબ્દો છે કે, 'બાળક કરવા જેવું ન કરે, ન કરવા જેવું કરી બેસે તો માવતરો એનાં કારણો ઘરની બહાર શોધે છે - નિશાળમાં, દોસ્તોમાં, પાડોશીમાં પરંતુ તેઓ ભૂલી જાય છે કે બાળક હજી તેના દિવસનો ૨/૩ ભાગ ઘરમાં જ ગુજારે છે...'

માવતર થઈને તમે જેને ન સાચવી શકયા તેનો સાચવવાની જવાબદારી શાળા અને શિક્ષકો પર ઢોળી દેવી કેટલા અંશે યોગ્ય છે ?

'ચાઈલ્ડ સાયકોલોજી' વાળા ઢોલ પીટતા અલગ અલગ વિદ્યાર્થીને કેવી રીતે હેન્ડલ કરવા તેની ટીપ્સ આપતા જુદા - જુદા લેખકોની અવતરણ પંક્તિ - ટાંકતા રહે છે...

ના ભાઈ ! માન્યુ કે ચાઈલ્ડ સાઈકોલોજીને સમજવી, જાણવી અને અનુસરવી જ જોઈએ... પણ એક જ નકશો લઈને અલગ અલગ દેશમાં તો ન જ ફરાય ને ! પુસ્તકો લખનાર મહાનુભાવને ૫૦-૬૦ વિદ્યાર્થીઓના વર્ગમાં ૩૫ મિનિટ માટે મૂકી દેવામાં આવે તો તેમની મેન્ટલ સાઈકોલોજી અસ્તવ્યસ્ત થઈ જાય, કારણ કે થિયરી અલગ છે અને પ્રૅક્ટિકલ અલગ છે ! ચોપડાં વાંચીને કોઈ તરવાનું શીખ્યું છે?

ના... ના... બધો વાંક કાંઈ વિદ્યાર્થીઓ કે માતા-પિતાનો જ નથી.... આપણે શિક્ષકો પણ થોડા ઊણા ઉતર્યા છીએ... સમર્પણભાવ સાથે ભણાવનાર શિક્ષકોની ખોટને કારણે પણ પરિસ્થિતિ વણસી છે...

શિક્ષક પણ પોતાનું સ્થાન હીણું કરવા માટે કયાંક ને કયાંક પરોક્ષપણે જવાબદાર છે... વર્ગમાં પૂરતું ભણાવવાનું નહીં, પોતાના વિષયનું પૂરતું જ્ઞાન હોય નહીં પણ પછી વર્ગમાં ગલ્લાં તલ્લાં કરવાનાં. વળી જે-તે વિષયમાં હથોટી પાવરફુલ હોવા છતાં... વર્ગમાં અધકચરું જ ભણાવવાનું.... નહીંતર ટ્યૂશનમાં કોણ આવે ! અલબત્ત દરેક શિક્ષકની વાત નથી પણ આવા માસ્તર છે તો ખરા જ...

શિક્ષણશાસ્ત્રી જહોન બ્રુબોકર કહે છે કે : 'Learning is unfolding of what has been Originally enfolded. જે ગડીબંધ હોય તે ખોલવું તે શિક્ષણ છે.'

શિક્ષણનો ઉદ્દેશ્ય શું છે ? તેનો હેતુ છે, માણસના વિવેકને ઉજાગર કરવાનો... વિવેકશાહી વગરની લોકશાહી અત્યારે કેટલી ખતરનાર બની રહી છે, તેનાથી આપણે અવગત છીએ...

આજે Education ની વ્યાખ્યા બદલાઈ રહી છે, અને જે હજી પણ આપણે જૂની ઘરેડમાંથી બહાર નહીં આવીએ તો આવતી પેઢીના ગુનેગાર ઠરશું. હવે વર્ગખંડ વિશ્વવ્યાપી બની રહેવાનો છે... આજના વિદ્યાર્થી પાસે 'ગૂગલ દેવતા' છે. તેની પાસે માહિતીની ખોટ નથી... શિક્ષકે તો વિદ્યાર્થી અને માહિતી વચ્ચે સમજણરુપી સેતુ બની રહેવાનું છે...

સોક્રેટીસે શિક્ષકને દાયણ સાથે સરખાવ્યો છે... દાયણ સંતાનને જન્મ નથી આપતી, પરંતુ સંતાન અગવડતા વગર જન્મે તે માટે અનુકૂળતા કરી આપે છે... શિક્ષકે જ્ઞાન નથી આપવાનું.... એ તો વિદ્યાર્થીમાં હોય જ છે... બસ જ્ઞાન પ્રાપ્તિ માટે અનુકૂળતા કરી આપવાની છે...

Teaching is Reaching ભણાવવું એટલે સામેવાળા સુધી પહોંચવું... આજે કેટલા શિક્ષક વિદ્યાર્થીના મન અને હૃદય સુધી પહોંચતા હશે...!

ઉપરના પાંચેક ફકરા વાંચીને સમાજને અમુક વર્ગ તો ગેલમાં આવી ગયો હશે... અને મનમાં ને મનમાં ગણગણતા પણ હશે કે.... સાચી વાત છે... શિક્ષકે અપગ્રેડ થવું જ જોઈએ... બ્લા બ્લા બ્લા...

પરંતુ યાદ રહે આવો નિખાલસપણે અમારી ત્રુટિઓનો એકરાર કરીને આત્મચિંતન કરવાની અને તે કબૂલાતની હિંમત પણ શિક્ષક જ દાખવી શકે... બીજું કોઈ નહીં...

કોઈ ડૉકટરનો આવો પત્ર જોયો કે હવે અમે કમિશન માટે દર્દી પાસે ખોટા ટેસ્ટ નહીં કરાવીએ, કોઈ વકીલ પોતાના વ્યવસાયમાં અસીલને ખોટો ખોટો મુદ્દત દર મુદત ન હેરાન કરીને તેવો પત્ર લખે છે ! કોઈ એકરાર કરે છે ?

કાચા-પોચાનું આ કામ નથી. ભૂલ સ્વીકારવી અને તેને સુધારવી લોઢાના ચણા ચાવવા જેવું કામ છે...

પણ આપણે તો માસ્તર છીએ... શિક્ષક છીએ - સરળ અનો કાચા કામ કરવા તો ટેવાયેલા જ નથી... અને માટે જ સમાજ આપણી પાસેથી બેમર્યાદ અપેક્ષાઓ રાખે છે...

હવે જન-સામાન્ય એ સમજવાનું છે કે, જે શિક્ષક કુંભારથી પણ વધુ કુશળ છે, કારમ કે કુંભાર માટીના લોંદાને ગમે તેવો આકાર આપી શકે છે, માટી તો પ્રમાણે વર્તવા દેશે... કારણ કે તે નિર્જીવ છે... ચિત્રકાર સારામાં સારું ચિત્ર દોરી શકશે... કેનવાસ, પીંછી, રંગો તેના તાબે થઈ જશે, કેમ કે તેના જીવ નથી. એક શિલ્પી હથોડી મારી-મારીને આબેહૂબ માનવીની કોટિનું શિલ્પ રચી શકશે... કારણ કે શિલ્પમાં હૃદય નથી ધબકતું...

જયારે શિક્ષકે તો કુંભારની જેમ આકાર આપવાનો છે, શિલ્પીની જેમ છાત્રનું જીવન ઘડવાનું છે, ચિત્રકારની જેમ જીવનમાં રંગો પૂરવાના છે... પણ તેની સામે જે મટીરીયલ છે, તે સજીવ છે... તે દલીલ કરશે, તેની પોતાની બુદ્ધિ છે, તે જલ્દીથી વાત નહીં માને... આવા કપરા કામને શિક્ષકે પાર પાડવાનું છે...

પંતુજીને ગુરુજીને સ્થાને પાછો બેસાડવાનું કાર્ય સમજે કરવાનું છે... માસ્તર તો 'મા'ના સ્તરે જઈને કેળવણી આપતો રહ્યો છે અને હંમેશા આપતો જ રહેશે !

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# યુવા શ્રવણ ભક્તિના દીવડા સમાજને અજવાળે છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

"હું મને કથાકાર નહિ પરંતુ કથા વાચક તરીકે ઓળખવાનું વધુ પસંદ કરું છું." યુવા વક્તા શ્યામભાઈ ઠાકરે કહ્યું અને પછી ઉમેર્યું, "સામાન્ય રીતે જે રચના કરે તેની પાછળ 'કાર' પ્રત્યય લાગે, કારણ કે તેમાં કર્તૃત્વ સમાયેલું છે. શ્રીમદ્ ભાગવતનું સર્જન વ્યાસજી એ કર્યુ છે હું તો તે અભ્યાસ પછી વાંચી રહ્યો છું."

પ્રસંગ હતો અમદાવાદમાંથી સુરેશભાઈ સંઘવી (એપોલો કાર્ડઝ) દ્વારા આયોજિત ભાગવત્ કથાનો અને તેમાં વક્તા હતા શ્યામભાઈ ઠાકર, જેઓ પૂ. ભાઈ રમેશભાઈ ઓઝાના શિષ્ય છે. શુદ્ધ અને સ્પષ્ટ છતાં પ્રાદેષિક હલક વાળો મીઠો કંઠ, ગાયનમાં સૂરીલાપણું, કથા પ્રવાહમાં વિચારોની સ્પષ્ટતા, યોગ્ય સમયે, યોગ્ય સંદર્ભો સાથે વાર્તા-શૅર શાયરી કે સાંપ્રત ઘટનાઓનો ઉલ્લેખ, તથા મૂળ વિષય પ્રત્યેના સમર્પણને કારણે શ્રોતાઓને કથા શ્રવણનો ખૂબ સારો આનંદ મળ્યો.

શ્યામભાઈએ સંદિપની વિદ્યાનિકેતનમાં બાખડેશ્વર મહાવિદ્યાલયમાં અભ્યાસ કર્યો ૧૯૯૦થી ૧૯૯૭માં શાસ્ત્રીની ઉપાધિ મેળવી. એ પછી બી.એડ્ કર્યુ ને આચાર્ય બન્યા. ૧૯૯૦માં પૂજ્ય ભાઈની કથો પોરબંદરમાં થઈ એ સમયે એમને વિચાર આવ્યો કે ભવિષ્યમાં મારે પણ કથા વાંચવી છે. અધ્યાપનના પાઠ શરુ કર્યા. ૧૯૯૫થી નિયમિત સ્વાધ્યાય શરુ કર્યો.

એમણે પ્રથમવાર શ્રીમદ્ ભાગવત્ કથાનું વાંચન ૧૯૯૯માં રાણાવાવમાં કર્યું. તાજેતરમાં અમદાવાદમાં એમની કથા થઈ એ ૧૨૦મી કથા હતી. ભારતના કેટલાક શહેરોમાં અને વિદેશમાં બ્રિટન તથા કેન્યામાં એમણે કથા વાંચન કર્યું છે.

તેઓ વિનમ્રતાપૂર્વક ઉમેરે છે કે 'કથા વાચનની પરંપરામાં બ્રહ્મા - વિષ્ણુ - મહેશ પણ આવે, જેનો સંદર્ભ સ્કંદ પુરાણમાં છે. ભગવાન વિષ્ણુએ તો કથા વાંચી જ છે, લક્ષ્મીજીએ પણ વાંચી છે.'

કથાકાર હોવું એ આજે ગૌરવપ્રદ બની રહ્યુ છે, કથાકારો મોટી સંખ્યામાં પોતાના શ્રોતાઓનો એક ભાવક વર્ગ ઉભો કરી શકે છે અને એ રીતે ભારતીય સંસ્કૃતિની - સત્યની વાત લોકો સુધી પહોંચાડી શકે છે.

એમને પૂછ્યું કે નવોદિત અથવા યુવા કથા વાચકે કઈ પ્રાથમિક સજ્જતાઓ કેળવવી જોઈએ ? તો કહે 'જે ગ્રંથને વાંચવાનો છે એ ગ્રંથ ગુરુ પરંપરા અનુસાર ભણેલો હોવો જોઈએ. એ ગ્રંતનો સ્વાધ્યાય સતત ચાલુ રહેવો જોઈએ. પોતે જે સ્વાધ્યાય કર્યો તેને શ્રોતાની કક્ષા મુજબ રસાળ રીતે પ્રસ્તુત કરવો જોઈએ. કથા પ્રવાહમાં રસ ક્ષતિ ન થાય, એની સતર્કતા પણ જરૂરી છે. આપણા તમામ ગ્રંથો સ્વયં રસા છે એ વાતનો ખ્યાલ રાખીને સાંપ્રત સંદર્ભો રજૂ કરી શકાય. ધાર્મિક ગ્રંથોનું વાંચન થઈ રહ્યું છે એ વાતને ધ્યાનમાં લઈને વેશ - ભાષા - વિવેક અને આચરણ પણ પરંપરાને અનુરૂપ હોવા જોઈએ ?'

કથા શ્રવણથી શ્રોતાઓમાં ભારતીય સભ્યતા - સંસ્કૃતિ - ધર્મ - અધ્યાત્મ અને સાહિત્ય સંદર્ભે રસ - રૂચિ વધી રહ્યા છે. કથામાં યુવાનો મોટી સંખ્યામાં આવે છે ને પોતાના જીવનમાં પોઝીટીવ બદલાવ લાવે છે - પરિવર્તનને સ્વીકારીને માનવતાપૂર્ણ વ્યવહારથી જીવે છે એ જ કથા પરંપરાની અમૂલ્ય ભેટ છે.

પૂ. ડોંગરે મહારાજનું પુનિત સ્મરણ કરીને તેઓ કહે છે કે "મંદિર જેવી નાની જગ્યામાં થતી કથાને ડોંગરે મહારાજ વિશાળ મેદાન સુધી અને વધુ લોકો સુધી લઈ આવ્યા." એ જ પરંપરામાં પૂર્ણ આદર સાથે પૂજ્ય મોરારિ બાપુનું સ્મરણ કરતા તેઓ કહે છે કે "કથામાં સંગીતને જોડવાનું બહુમૂલ્ય પ્રદાન તેઓએ કર્યું છે."

સીદસર (ઉપલેટા)માં પૂજ્ય ભાઈની શ્રીમદ્ ભાગવત કથા શરૂ થઈ મૂકી હતી. દરમિયાન એમના માતૃશ્રી ધામમાં ગયા તો કથા પ્રવાહનો દોર તેઓએ શ્યામભાઈને સોંપ્યો હતો એ વિશ્વાસ પ્રાપ્ત કરી શકયા તેનું પણ તેઓ સહરજ સ્મરણ કરે છે.

ભારતીય સંસ્કૃતિના અનેક મૂલ્યવાન ગ્રંથોમાં જીવન જીવવાનું માર્ગદર્શન પડ્યું છે! આ ગ્રંતોના શબ્દોને સામાન્ય માણસ સુધી પહોંચાડવાનું અને એ રીતે ધર્મમય - માનવતાપૂર્ણ - સત્ય - પ્રેમ ૦ અને કરૂણાથી સભર માનવોના ઘડતરનું બહુમૂલ્ય કાર્ય થઈ રહ્યું છે. કથા આયોજનોમાં પણ નૂતન પરિવર્તનો આવ્યા છે અને યુવા શ્રોતાઓ ટીવી કે મોબાઈલ પર અથવા લાઈવ કથા સ્થળ ઉપર કથા શ્રવણ કરતા થયા છે. આવા મનોહારી દશ્યો જયારે જયારે નજર સામે દેખાવ કે સ્મરણમાં આવે ત્યારે શ્રવણ ભક્તિના દીવડા ઝળહળે છે ને અજવાળા રેલાય છે.